# હવે તો જાગો

(હવે નહિ જાગો તો ક્યારે જાગશો ?)

## ○ સામાયિકશાળા-પૌષધશાળા ○

○ લેખક ○


**શ્રી પ્રેમસૂરીશ્વરજી સંસ્કૃત પાઠશાળા**

તપોવન સંસ્કારપીઠ, અમદાવાદ

પો. સુઘડ, જિ. ગાંધીનગર

મો. 87990 59569

# સામાયિકશાળા-પૌષધશાળા

The place or abode where the jain sadhus-and sadhvijis stay or reside in separate apartments and perform worship is called upashray.

જૈન આરાધના ભવન (ઉપાશ્રય) શેના માટે બનાવેલ છે **???** સંઘના ભાઇઓ-બહેનો આરાધના ભવનમાં આવી સામાયિક-પૌષધ-પ્રતિક્રમણાદિ કરે. ઘરે કરે તેના કરતાં ઉપાશ્રયમાં કરે તેનો આનંદ અનેરો છે.

આજના વૈજ્ઞાનિકોએ બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, પંચેન્દ્રિયમાં જીવ માનેલ છે. **તેમાં કીડીને ત્રણ ઇન્દ્રિય, માખીને ચાર ઈન્દ્રિય અને મનુષ્યને પાંચ ઇન્દ્રિય પણ સિદ્ધ કરી ચૂકેલ છે.** વળી જગદીશચન્દ્ર બોઝ તો વનસ્પતિમાં પણ જીવ છે તે પ્રયોગ દ્વારા સિદ્ધ કરી ચૂક્યા છે. અમેરિકાની નાસા સંસ્થાએ આપણી દુનિયામાં બે સૂર્ય અને બે ચંદ્ર મળે છે તે સિદ્ધ કર્યું છે. આવી અનેકાનેક વાતો વૈજ્ઞાનિક પોતે પ્રયોગાદિ વડે સિદ્ધ કરવા પ્રયત્ન કરે છે. પરંતુ પરમકૃપાળુ પરમાત્મા મહાવીર દેવે તો કોઇપણ લેબોરેટરીમાં ગયા વિના ગૌતમ સ્વામીએ પ્રશ્ન પૂછ્યા અને પોતાના કેવળજ્ઞાન રૂપી પ્રકાશમાં જોતાં જવાબ આપી દીધા કે આટલા આટલા બેઇન્દ્રિય છે. આ તેઇન્દ્રિય છે. આમાં જો વિજ્ઞાન અપૂર્ણ હોવા છતાં પરમાત્માની જણાવેલ વાતો એક પછી એક સિદ્ધ કરવા માંડી છે. તેથી સિદ્ધ થાય છે કે સર્વજ્ઞ પરમાત્માએ જે બતાવ્યું તે સર્વ સત્ય છે. પરમાત્માએ પૃથ્વીકાય, અપ્‌કાય (પાણી), તેઉકાય (અગ્નિ), વાયુકાય (પવન) તથા વનસ્પતિમાં જીવો છે તે તર્ક સહિત સિદ્ધ કરેલ છે. તેવી જ વાત બૃહત્સંગ્રહણી નામના ગ્રંથમાં વિસ્તારથી જણાવી છે. બૃહત્સંગ્રહણી ગ્રંથમાં ચારે

ગતિનું વર્ણન સાંભળીએ તો તમ્મર આવ્યા વિના ન રહે. નારકીનું ઓછામાં ઓછું આયુષ્ય ૧૦,૦૦૦ વર્ષનું છે અને વધુમાં વધુ ૩૩ સાગરોપમ એટલે અસંખ્ય વર્ષનું છે. જ્યાં એક સેકંડ પણ શાંતિ નથી. ત્યાં નરકની વેદના જણાવતા શાસ્ત્રકારો કહે છે : અમુક નારકોમાં જે ગરમી છે તેમાંથી જો એકાદ જીવને ઉપાડીને લોખંડ ગાળવાની ભઠ્ઠી ઉપર સુવડાવવામાં આવે તો તે મઝેથી સૂઈ જાય. તેને એમ લાગે કે અત્રે કેવી સુંદર ઠંડક છે. તે જ રીતે ઠંડી, ભૂખ, તરસ વગેરેનું વર્ણન સાંભળતાં કંપારી છૂટી જાય. ફરી નરકમાં જવું નથી તેવી ઇચ્છા થઇ જાય. જીવોને દુઃખો ગમતાં નથી પણ અધર્મનું સેવન ચાલુ રાખે છે અને સુખ ગમે છે પણ તે જેનાથી ઉત્પન્ન થાય તે ધર્મ કરવો ગમતો નથી. કરે તે પણ વેઠ ઉતરવા જેવો જાણવો. આ જ કારણથી જીવનો અનાદિ સંસાર અકબંધ ચાલે છે.

તમોએ અનેક પુસ્તકોમાંથી સંસારની ભયાનકતા જાણી હશે, પણ ખરેખર તમને સંસારસાગરમાંથી છૂટવાની તમન્ના જાગી છે ? તો તમારી જાતને નીચેના સવાલ પૂછી જુઓ :

(૧) જન્મ અને મરણનાં દુઃખો સાંભળી જન્મ ન લેવાની ભાવના જાગી છે ? (૨) કોઇ અત્યંત વૃદ્ધે કોઇ ઘડપણ-અવસ્થાની કલ્પના કરી છે ખરી ? (૩) કેટલાને સ્મશાનમાં બાળી આવ્યા, તમારું શરીર પણ ભવિષ્યમાં ચિતા ઉપર ગોઠવાશે તેની કલ્પના કરી છે ? (૪) કુટુંબીજનોના પ્રશ્નોથી તમે કંટાળી ગયા છો ? (૫) રોજના રુટીન જીવનથી તમે ત્રાસી ગયા છો ? (૬) પૈસાને કમાવા અને સાચવવાની મહેનતથી છૂટવાની ભાવના છે ? (૭) પતિ-પત્ની, પુત્ર-પુત્રી આદિની માંગણી સંતોષવાની ચિંતા સતાવી રહી છે ખરી ? (૮) શેઠ-પાર્ટનર સ્નેહી વગેરેની સાથે અણબનાવ

બની ગયો છે તેમાંથી છૂટવાની ભાવના છે ખરી ?

આ બધી વાતોથી તમારું મન સતત સંકલ્પ-વિકલ્પ દ્વારા આકુળ-વ્યાકુળ બન્યું છે, તો આજે જ ઉપાશ્રયમાં શરૂ થયેલ સામાયિકશાળામાં તમારું નામ લખાવો. અનેકના જીવનને સમતામાં ભરી દેતી આ સામાયિકશાળા જો દરેક ઉપાશ્રયમાં શરૂ થઇ જાય તો અનેકાનેક જીવોને શાંતિની પ્રસાદી પ્રાપ્ત થાય. ક્ષમાથી ક્રોધનો, નમ્રતાથી અભિમાનનો, સરળતાથી માયાનો અને સંતોષથી લોભનો નાશ થાય. આ ચારેય કષાય નાબૂદ કરવાં હોય તો સામાયિકશાળા તમારા સંઘમાં અચૂક શરૂ કરવા જેવી છે.

સંસારનું મૂળ રાગ અને દ્વેષ છે અને રાગદ્વેષનો વિસ્તાર એટલે ક્રોધાદિ ચાર કષાયો છે. આ કષાયો જીવને શિવ થવા દેતા નથી. તેથી શિવ બનવું હોય તો જરૂરથી તમારા ઉપાશ્રયમાં સામાયિકશાળા શરૂ કરશો.

Religious centre give guidance for their spiritual endeavours - આરાધકોની એક ટીમ લગભગ દરેક સંઘમાં હોય છે. તેઓને જો સંઘ તરફથી અથવા ટ્રસ્ટીઓ તરફથી પ્રોત્સાહન મળે તો હજુ વધુ આરાધકો આરાધનામાં જોડાય. દરેક સંઘની અનુકૂળતાએ જો સામાયિકશાળામાં પ્રભાવના સામાયિક દીઠ ગોઠવાય તે પણ મહિનામાં અમુક દિવસ (દા.ત. ૨૩ દિવસ) ની હાજરી હોય તેઓને જ પ્રભાવના મળે. આમ, નિવૃત્ત અને પ્રવૃત્ત બધા ભાઇઓ, ભાઇઓના ઉપાશ્રયમાં અને બહેનો બહેનોના ઉપાશ્રયમાં આરાધના-સામાયિક આવીને કરે. પાંચ તિથિ પૌષધ કરે તેને પણ વિશિષ્ટ આરાધના નિમિત્તે ઉચિત બહુમાન થાય તો વધુ લોકો જોડાય. કોઇક સ્થાનમાં પૌષધ દીઠ પ્રભાવના તથા

બીજે દિવસે પારણા પણ કરાવાય છે.

Samayik is a 48 min. concentration who engages in place, equality, concentration and harmony in life.

Pratikaramana also refers to a combination of six avashyaks (essential, rituals), being Samayik (state of total equanimity) chauvisantho (honouring the 24 Tirthankars), Vandana – (offering salutations to sadhus (monks) and sadhvijii's (nuns), pratiramana (introspection and repentance), Kayotsarga (meditation of the soul) and Pratikraman (renunciation).

**આયોજન :** દરેક ઉપાશ્રયમાં જો સામાયિકશાળા શરૂ કરવામાં આવે તો તેમાં ભાઈઓના ઉપાશ્રયમાં ભાઈઓએ તથા બહેનોના ઉપાશ્રયમાં બહેનોએ સામાયિક કરવાનું રહે. ઓછામાં ઓછું એક સામાયિક ઉપાશ્રયમાં આવીને કરવાનું રહે. જે રોજ સામાયિક કરવા તૈયાર થાય તેઓને આ સામાયિક શાળામાં સભ્ય બનાવવા જોઈએ.

**નિયમો :** (૧) રોજ ઓછામાં ઓછું એક સામાયિક ઉપાશ્રયમાં આવીને કરવું. (૨) સામાયિકમાં વાંચન ધાર્મિક વિષયો ઉપર કરવું. (૩) દર રવિવારે સામાયિકશાળામાં સામૂહિક સામાયિક કરવું. (૪) રવિવારે જો મ.સા. નો યોગ હોય તો તેઓની પાસે તત્વનું શ્રવણ કરવું. (૫) બહેનોની સામાયિક શાળા બહેનોના ઉપાશ્રયમાં જુદી રાખવી. તેઓ માટે ઉપાશ્રય ન હોય તો ટ્રસ્ટીઓ જ્યાં વ્યવસ્થા કરે ત્યાં કરવું. (૬) દરેકના સામાયિક સામાયિકશાળામાં થાય તે જ ગણવા. (૭) બાળકોને ખાસ પ્રોત્સાહન આપી બોલાવવાં. (૮)

સામાયિકશાળામાં કોઇપણ જોડાઇ શકે. (૯) મહિનામાં એક વાર સાથે મળીને વિચારણા કરવી. (૧૦) મહિનાના પ્રથમ રવિવારે રત્નાકર પચ્ચીસી બોલવી તથા અડધો કલાક પુસ્તક વાંચન કરવું. (૧૧) મહિનાના બીજા રવિવારે અરિહંત વંદનાવલી બોલવી અને ગત રવિવારના વાંચન ઉપર પ્રશ્ન પૂછવા. ત્રીજા રવિવારે ચેતન જ્ઞાન અજવાળીએ અને જો કોઇ તત્વના જ્ઞાતા હોય તો તેઓને આગળ કરીને અથવા સ્વાભાવિક કોઇપણ એક અનુષ્ઠાન અંગે વિચારણા કરવાની. દા.ત. સામાયિક કરવાથી ફાયદા અને ગેર-ફાયદા એ બધા પદાર્થોના મુદ્દા લખી દેવા અને તે કોઇ ગીતાર્થ ગુરુ ભગવંત આવે તેને બતાવી દેવા અને તે દ્વારા જૈન ધર્મના દરેક વિષય ઉપર તલસ્પર્શી જ્ઞાન મેળવવું. મહિનાના ચોથા રવિવારે સવારે સમૂહ સ્નાત્ર અને બપોરે આજુબાજુમાંથી કોઇ વિશિષ્ટ પંડિતને બોલાવવા જોઇએ. જે કોઇપણ એક વિષય ઉપર સમજણ આપે.

**સૂચનાઓ :** (૧) એક પણ દિવસ ખાડો પાડવો નહિ. ખાડો પાડવો પડે તો સામાયિકશાળાના સંચાલકને પૂર્વે જાણ કરવી તથા સામાયિક બીજે જ્યાં જાય ત્યાં કરી આપવું. (૨) દરેકે સમયસર હાજરી આપવી. (૩) સમૂહ સામાયિકના સમયે સમયસર સામાયિક શરૂ કરી દેવું. (૪) પોતાની વાત ખૂબ જ નમ્ર સ્વરે રજૂ કરવી. વિચારણા કરવામાં કોઇપણ ઝઘડાદિ કરવા નહિ. (૫) જો વિચારભેદ થાય ત્યારે અમુક મ.સા. ને નક્કી કરવા. તેઓને પત્રથી પૂછાવીને સમાધાન મેળવવું. (૬) જે સભ્ય મહિનામાં પાંચ નવા સભ્ય બનાવે તેનું સમૂહ સામાયિકમાં રૂ. ૧૦૦/- તિલક કરી બહુમાન કરવું. (૭) સામાયિકશાળાના સંચાલક તરીકે સામાયિક શાળાના સ્થાપક સાધુ ભગવંત નક્કી કરે તે

પ્રમાણે ૫ વર્ષ સુધી રાખવા. તેમાં ફેરફાર કરવો હોય તો પૂ. સાધુ ભગવંત કહે તે પ્રમાણે કરવું. (૮) વર્ષમાં એક વાર યાત્રા પ્રવાસ-દ્વારા તીર્થની જાત્રા કરવી. (૯) હાજરી અવશ્ય રોજ પૂરવી. (૧૦) પૂરેપૂરી હાજરીવાળાનું ખાસ બહુમાન કરવું. (૧૧) સામાયિક શાળામાં ઓછામાં ઓછી ૨૩ દિવસની હાજરી આવશ્યક છે. (૧૨) કોઇપણ જન્મદિવસ નિમિત્તે પ્રભાવના રાખવાની હોય તો બધાને મળી રહે તે રીતે કરવી. (૧૩) સામાયિકશાળામાં પ્રવેશ ફી રૂ. ૫૦ ની રાખવી. (૧૪) સામાયિકશાળામાં જે સભ્ય હોય તેને યાત્રા પ્રવાસાદિમાં કન્સેશન આપવું. (૧૫) શાળાનાં સભ્યોની આ સામાયિક, સામાયિક સિવાયના સમયમાં લઇ શકાય. (૧૬) કોઇપણ સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાની નિંદા કરવી નહિ. (૧૭) ચૌદશ આદિ પર્વ તિથિના પૌષધ કરનાર સામાયિક મંડળના સભ્યને વિશિષ્ટ ઇનામ આપવું. (૧૮) સામાયિકાદિ સામાયિકના ઉપકરણમાં કરવું. ચરવળો રાખવો ફરજિયાત છે. (૧૯) સામાયિક શાળાના સભ્યો કોઇને ઘેર આમંત્રણથી સામાયિક કરવા જાય તો ત્યાં જે ભેટ સામાયિકશાળાને મળે તે સ્વીકારવી. પણ અમુક રૂ. નો આગ્રહ કરવો નહિ. (૨૦) સામાયિકશાળામાં સૂત્ર ગોખે તેને માટે સંચાલકે વિશિષ્ટ ઇનામ જાહેર કરવું. (૨૧) જંગમ તીર્થની યાત્રા વર્ષમાં એક વાર ગોઠવવી. (૨૨) નિષ્કારણ હાજર ન રહે તો દંડ નક્કી કરવો. (૨૩) રોજની પ્રભાવના સામાયિક કરનારને મળે તેવી વ્યવસ્થા પણ કરાવી શકાય. (૨૪) પ્રભાવના અંગે આની દીઠ ફંડ એકઠું કરી શકાય. ૧ આની = રૂ. ૧૦૦ કે રૂ. ૫૦ નક્કી કરવા અને આ રકમ દર મહિને આપવાની રહે તે રીતે ૫ વર્ષનું નક્કી કરી શકાય.